દેશની કુલ નિકાસનો ૨૫ ટકાથી વધુ હિસ્સો ગુજરાતમાંથી થયો

આંકડા અનુસાર ૯.૬૩ અબજ ડોલરની નિકાસ સાથે ગુજરાત નિકાસ ક્ષેત્રે દેશમાં અવ્વલ ક્રમ ઉપર રહ્યું

અમદાવાદ, તા.૫

વર્તમાન કેન્દ્ર સરકાર જ્યારથી સત્તા ઉપર આવી છે ત્યારથી સ્થાનિક ઉત્પાદન ઉપર વધુને વધુ ભાર મુકવામાં આવી રહ્યો છે. અગાઉ, મેઇક ઇન ઇન્ડિયા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું અને હવે આત્મનિર્ભર ભારત થકી દેશનું અર્થતંત્ર વિશ્વમાં ઉત્પાદનનું કેન્દ્ર બને એવા ઉદ્દેશ સાથે ભારતના મૂડીરોકાણની નીતિઓ ઘડવામાં આવી છે.

દેશના કેટલાક એવા રાજ્યો છે જ્યાં અર્થતંત્રમાં વ્યાપાર અને ઉદ્યોગનો હિસ્સો મોટો છે. ગુજરાત તેમાં સૌથી આગળ છે. ગુજરાતમાં છેલ્લા સાત દાયકાથી ફાર્મા, કેમિકલ્સ, ક્રુડ ઓઈલ રીફાઈનીંગ, પેટ્રોકેમિકલ્સ, ટેક્સટાઈલ્સ, કેમિકલ્સ જેવા ઉદ્યોગો સ્થપાયેલા છે. આ ઉપરાંત, દેશમાં સૌથી લાંબો દરીયાકીનારો ઉપલબ્ધ હોવાથી, દેશના અગ્રિમ હરોળના પોર્ટ અહી કાર્યરત હોવાથી આયાત અને નિકાસમાં રાજ્ય મોખરાનું સ્થાન ધરાવે છે. કેન્દ્ર સરકારના આંકડાઓ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં દેશમાંથી કુલ ૪૦૦ અબજ ડોલરની નિકાસ થઇ હતી. દેશની નિકાસમાં આ આંકડો સૌથી વધુ છે. આની સાથે એ પણ જાણવું જરૂરી છે કે દેશની કુલ નિકાસમાં ૨૭ ટકા એટલે કે દર રૂ.૧૦૦ની નિકાસનો ચોથા કરતા પણ વધારે ભાગ ગુજરાત રાજ્યમાંથી વિશ્વના અન્ય ભાગોમાં પહોંચે છે. જાન્યુઆરી ૨૦૨૨ના ઉપલબ્ધ આંકડા અનુસાર ૯.૬૩ અબજ ડોલરની નિકાસ સાથે ગુજરાત નિકાસ ક્ષેત્રે દેશમાં અવ્વલ ક્રમ ઉપર હતું.

આવી જ રીતે, દેશની નિકાસમાં સિંહફાળો આપતા જીલ્લાઓમાં પણ ગુજરાત આગળ પડતું સ્થાન ધરાવે છે. રૂ.૧૦૦૦ કરોડથી વધારાની નિકાસ ધરાવતા દેશના ટોચના ૫૦ જીલ્લાઓમાં ગુજરાતના ૧૦ જીલ્લાઓનો સમાવેશ થાય છે અને તેમાં પ્રથમ ક્રમે દેશની ક્રુડ ઓઈલ રીફાઈનિંગનું સૌથી મોટું કેન્દ્ર જામનગર આવે છે.

ફેબ્રુઆરીમાં એકલા જામનગર જીલ્લામાંથી રૂ.૩૮,૦૯૨.૨૩ કરોડની નિકાસ થઈ હતી. આ પછીના ક્રમે દેશનું ટેક્સટાઈલ્સ અને ડાયમંડ પોલિશિંગ હબ સુરત આવે છે જ્યથી એ માસમાં રૂ.૧૧,૬૪૧.૯૯ કરોડની નિકાસ થઈ હતી. અહી નોંધવું જરૂરી છે કે દેશની આર્થિક રાજધાની ગણાતા મુંબઈ કરતા આ બન્ને જીલ્લાઓ આગળ છે.મુંબઈદેશમાં ત્રીજા ક્રમે આવે છે.

દેશની સૌથી વધુ નિકાસમાં ક્રુડ ઓઈલ રીફાઈન્ડ પ્રોડક્ટ જેવી કે પેટ્રોલ, ડિઝલ અને અન્ય ઈંધણ (કુલ નિકાસમાં ૧૩ ટકા હિસ્સો), કેમિકલ્સ(કુલ નિકાસમાં ૫.૧૬ ટકા હિસ્સો), ડાયમંડ અને અન્ય કિંમતી મોતીઓ (૯.૨૬ ટકા હિસ્સો), ફાર્મા ૪.૫૫ ટકા હિસ્સો) જેવી ચીજોમાં ગુજરાત ઉત્પાદનનું મોટું હબ હોવાથી રાજ્યનો દેશની નિકાસમાં મોટો ફાળો છે એમ, ડીરેક્ટર જનરલ ઓફ કોમર્શીયલ ઈન્ટેલીજન્સ એન્ડ સ્ટેટીસ્ટીકસનું એનાલિસીસ જણાવે છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેરની સ્વાસ્થ્ય ચિંતન શિબિરનો પ્રારંભ

કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખભાઇ માંડવિયાના અધ્યક્ષપદે આયોજિત શિબિરમાં દેશના ૨૫ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્ય મંત્રીઓ અને સચિવોની સહભાગિતા

ગાંધીનગર, તા.૫

સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર ખાતે ભારત સરકારની સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેરની ૧૪મી બેઠક અંતર્ગત ત્રિ-દિવસીય સ્વાસ્થ્ય ચિંતન શિબિરનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, સ્વાસ્થ્ય ચિંતન શિબિરમાંથી પ્રાપ્ત થનારું મંથન-ચિંતનરૂપી અમૃત્ત દેશના આરોગ્ય ક્ષેત્રમાં નવા પ્રાણ પૂરશે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખભાઈ માંડવિયાના અધ્યક્ષસ્થાને ૫ થી ૭ મે દરમિયાન યોજાઈ રહેલી આ શિબિરમાં દેશના ૨૫ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્ય મંત્રીઓ, સચિવો, તબીબી નિષ્ણાતો સહભાગી બન્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ શિબિરના ઉદ્ઘાટન સત્રને સંબોધતા જણાવ્યું કે, આઝાદીનો અમૃત્ત મહોત્સવ સમગ્ર દેશમાં ઉજવાઈ રહ્યો છે, જેના ઉપલક્ષ્યમાં એકતાનગર ખાતે તમામ રાજ્ય સરકારો, કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગના પ્રતિનિધિઓ, રાજ્ય અને કેન્દ્રીય મંત્રીગણ, તજજ્ઞો દ્વારા દેશની આરોગ્ય સેવા, સ્વાસ્થ્ય ચિકિત્સા પદ્ધતિઓ, આયુર્વેદ, આયુષ, યોગને વ્યાપક અને બહેતર બનાવવા વિચારમંથનના સંયુક્ત પ્રયાસો હાથ ધરાયા છે. બદલાતા સમય સાથે ગુજરાતના આરોગ્ય માળખાને સુદ્રઢ કરી આરોગ્ય સેવાઓમાં આમૂલ પરિવર્તન કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ગુજરાતમાં અનેકવિધ યોજનાઓના અસરકારક અમલીકરણથી વર્ષ ૨૦૨૦-૨૧માં સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ, નીતિ આયોગ ઈન્ડેક્ષ- આરોગ્ય અને સુખાકારીમાં ગુજરાત રાજ્ય ૮૬ સ્કોર સાથે સમગ્ર દેશમાં મોટાં રાજ્યોમાં પ્રથમ ક્રમે છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા એ ત્રિ-દિવસીય સ્વાસ્થ્ય ચિંતન શિબિરના પ્રારંભિક સેશનમાં કહ્યું કે, કેન્દ્ર અને રાજ્યોના સંયુક્ત પ્રયાસથી સ્વસ્થ ભારતના નિર્માણ તરફની પહેલ આજે ચિંતન શિબિરમાં હાથ ધરવામાં આવી છે.

મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયાએ ચિંતન શિબિરમાં દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી આવેલા આરોગ્ય મંત્રીશ્રી તેમજ આરોગ્ય અગ્રણીઓને આરોગ્ય વિષયક સેવાઓ – સુવિધાઓ પર પરસ્પર સુમેળ સાધીને રાજ્ય અને સમગ્ર દેશમાં આરોગ્ય ક્ષેત્રે શ્રેષ્ઠ વ્યવસ્થાપનના વિચારોનું ચિંતન કરીને તેનું મંથન કરવા આહવાન કર્યુ હતુ. શિબિરમાં મુખ્યમંત્રીશ્રી અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીશ્રીના હસ્તે નેશનલ ક્વોલિટી એસ્યોરન્સ સર્વિસ દ્રઊછજી પોર્ટલ, નેશનલ હેલ્થ મિશન અંતર્ગત પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસીસ પોર્ટલનું લોન્ચિંગ તેમજ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે રિપોર્ટ અને રૂરલ હેલ્થ સ્ટેટીસ્ટીક્સ રિપોર્ટ અને ગુજરાત હેલ્થ એટલાસ રિલીઝ કરવામાં આવ્યા હતા.

શિબિરમાં દેશના ૨૫ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્ય મંત્રીશ્રીઓ, કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સચિવશ્રી રાજેશ ભૂષણ, નીતિ આયોગના સભ્ય ડો.વી.કે.પોલ, અધિક આરોગ્ય સચિવશ્રી વિકાસ શીલ, સહિત વિવિધ રાજ્યોના આરોગ્ય સચિવશ્રીઓ, આરોગ્ય કમિશનરશ્રીઓ તેમજ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશનના મિશન ડાયરેક્ટરશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

વિકાસ યોજનાઓ સુપેરે પહોંચાડી ગુજરાત વિકાસનું ગ્રોથ એન્જીન બન્યું : મુખ્યમંત્રી

છોટાઉદેપૂરમાં એક જ દિવસમાં ૧૩૧ કરોડ રૂપિયાના ૭૦ વિકાસ કામોની ભેટ આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા.૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે કે હરેક સમાજ, જાતિ, વંચિત, પીડિત, શોષિત અને અંતરિયાળ વિસ્તારો સુધી સરકારની યોજનાઓનો લાભ સુપેરે પહોચાડી આપણે ગુજરાતને વિકાસનું ગ્રોથ એન્જીન બનાવ્યું છે. વિકાસની ખૂટતી તમામ કડી પૂર્ણ કરી આદિજાતિ વિસ્તારોને પણ વિકાસની મુખ્યધારામાં લાવ્યા છીયે. હજુ પણ જરૂરિયાત મુજબના વિકાસ કામો પૂર્ણ કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે તેમ તેમણે ઉમેર્યુ હતું. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને વિઝનરી લીડરશીપમાં વિકાસની રાહે તેજ ગતિએ દોડતું ગુજરાત આજે એટલે જ દેશ-દુનિયામાં વિકાસના ગ્રોથ એન્જીન સમું રોલ મોડેલ છે.

મુખ્યમંત્રી આદિજાતિ વિસ્તાર છોટાઉદેપૂર જિલ્લામાં ૧૩૧ કરોડ રૂપિયાના ૭૦ જેટલા વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ અને ખાતમૂર્હત સંપન્ન કરવા અવસરે સંબોધન કરી રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રૂ. ૮૪.૫૬ કરોડના ખર્ચે નવનિર્મિત ૩ જૂથ પાણી પુરવઠા યોજનાઓના લોકાર્પણ સાથે બે પશુદવાખાના, ૨ ગ્રામ્ય માર્ગો અને ૪૫ નવિન આંગણવાડીઓ આદિજાતિ જિલ્લાને ભેટ ધરી હતી. મુખ્યમંત્રીએ વિવિધ લાભાર્થીઓને 'મા' કાર્ડ, ગંગાસ્વરૂપા બહેનોને પેન્શન સહાય ફાળવણી પત્ર, ભુલકાંઓને કિટ વગેરે અર્પણ કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વિકાસનો મુખ્ય આધાર પાણી છે. ગુજરાતે બે-અઢી દાયકા પહેલાં પાણીની યાતના જોઈ છે, તંગી ભોગવી છે. હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના દ્રષ્ટિવંત આયોજનથી ઘરે-ઘરે પાણી પહોચતું થયું છે, પુરતું પાણી લોકોને મળે છે આપણને આપણી આગલી પેઢીએ પાણી આપ્યું છે ત્યારે હવે આપણે પણ તેનો સુઆયોજિત અને વિવેકપૂર્ણ ઉપયોગ કરીને આવનારી પેઢી માટે પાણી સુરક્ષિત રાખવાનું છે" એવો સ્પષ્ટ મત મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો.

પાટણમાં ચાર-પાંચ લીંબુ મુદ્દે બે પરિવારોની વચ્ચે ધીંગાણું

પાટણમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો : મોંઘવારીનો વિકાસ એવો થઇ રહ્યો છે કે, તેની પાસે અન્ય તમામ વિકાસના માપદંડો ટુંકા પડી રહ્યા છે

પાટણ, તા.૨૭

હાલ લીંબુના કારણે ગરીબ હોય કે અમીર દરેક વ્યક્તિ દાઝી રહ્યો છે. મોંઘવારીનો વિકાસ એવો થઈ રહ્યો છે કે, તેની પાસે અન્ય તમામ વિકાસના માપદંડો ટુંકા પડી રહ્યા છે. સમગ્ર ગુજરાતમાં ગેસનો બાટલો હોય કે પછી શાકભાજી દરેકની કિંમત સાંભળીને જ જેવો તેવો બેભાઈ થઈ જાય તેવી સ્થિતિ છે. તેવામાં લીંબુના વધેલા ભાવ ગૃહીણીઓનાં બજેટ બગાડી શકે તે ખુબ જ સામાન્ય બાબત છે. પરંતુ શું લીંબુના કારણે પરિવારમાં ઝગડો થાય તેવું તમે વિચારી શકો ખરા?

પાટણમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક મહિલાએ ઝગડાની ફરિયાદ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં દાખલ કરાવી છે અને ઝગડાનું કારણ લીંબુ બન્યું છે. પાટણ જિલ્લાના હારીજના કાઠી ગામમાં લીંબુને લઈને ફરિયાદ થઈ છે. હંસાબેન ઠાકોર નામની મહિલાનો આરોપ છે કે, તેમના પાડોશીએ ચાર પાંચ લીંબુ માટે તેમને ઢોર માર માર્યો હતો. તેમના પાડોશીએ પહેલા આરોપ લગાવ્યો કે તમારી છોકરી મારા ઘરેથી લીંબુ લઈ ગઈ હતી. તે પાછા આપો. જો કે મહિલાએ જણાવ્યું કે, મારી દિકરી ક્યારે પણ તમારી પાસેથી લીંબુ લઈ નથી ગઈ તે પાછા કેમ આપીએ.

આ મુદ્દે બંન્ને પાડોશીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેથી ઉશ્કેરાયેલી પાડોશી મહિલાએ પોતાના પતિને બોલાવ્યો હતો અને ત્યાર બાદ પતિ અને પત્નીએ મળીને હંસાબેન ઠાકોરને માર માર્યો હતો. આ પ્રકારે ચાર પાંચ લીંબુનો મુદ્દો લોહીયાળ બન્યો હતો. હાલ તો હારીજ પોલીસ સ્ટેશનમાં અનિતા ઠાકોર તેમજ શૈલેષ ઠાકોર (રહે. કાઠી ગામ) વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ થઈ છે. હાલ તો આ લીંબુનો મુદ્દો હવે લોહીયાળ બન્યો છે. ૨૦૦ થી ૩૦૦ રૂપિયે કિલો મોંઘા લીંબુ હવે પરિવારો અને પાડોશીઓ વચ્ચે ઝગડાનું કારણ બની રહ્યા છે.

ઈતિહાસમાં પહેલી વાર બન્યું કે વિપક્ષ નેતાના ઘરે મુખ્યમંત્રી ગયા

સુખરામ રાઠવાના ઘરની મુલાકાતે મુખ્યમંત્રી : શોકસંતપ્ત પરિવારને પ્રત્યક્ષ મળી સાંત્વના પાઠવી

છોટા ઉદેપુર, તા.૫

૧૮ મુખ્યમંત્રીઓના ઈતિહાસમાં પહેલી વાર બન્યું કે વિપક્ષ નેતાના ઘરે ઝરૂ ગયા હોય, ભુપેન્દ્ર પટેલ પહોંચ્યા સુખરામ રાઠવાના ઘરેમુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા વિરોધપક્ષના નેતા સુખરામ રાઠવાના પિતાના દુઃખદ અવસાન અંગે શોકસંતપ્ત પરિવારને જામલી ગામે પ્રત્યક્ષ મળી સાંત્વના પાઠવી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે છોટાઉદેપૂરના પોતાના પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન કવાંટ તાલુકાના જામલી ગામે ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા સુખરામ રાઠવાના નિવાસસ્થાને પહોચીને સુખરામભાઈના પિતાશ્રીના દુઃખદ અવસાનથી શોકસંતપ્ત પરિવારને સાંત્વના પાઠવીને સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા સુખરામ રાઠવાના પિતા હરિયાભાઈ રાઠવાનું તાજેતરમાં દુઃખદ અવસાન થયુ છે. મુખ્યમંત્રીની સાથે આરોગ્ય રાજ્યમંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથાર, ધારાસભ્યઅભેસિંહ તડવી, મોહનસિંહ રાઠવાએ પણ સુખરામ રાઠવાના દિવંગત પિતાને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. વિધાનસભા વિપક્ષ નેતા સુખરામ રાઠવાના પિતા હરીયાભાઈ નમલાભાઈ રાઠવાનું તા.૧-૫-૨૦૨૨ ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયું હતું. કોઈ જાણ વગર જ મુખ્યમંત્રી શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં પહોંચ્યા હતા. જે બાદ સુખરામ રાઠવાએ કહ્યું હતું કે કે ૧૮ મુખ્યમંત્રીમાંથી ભુપેન્દ્ર પટેલ પહેલા એવા સીએમ છે જે વિપક્ષ નેતાના ઘરે આવ્યાં હોય. સુખરામ રાઠવાએ વધુમાં કહ્યું કે પિતાના બેસણામાં હાજર રહી મુખ્યમંત્રી પરિવારજનોને સાંત્વના આપી એ વાતથી દિલથી આનંદ અનુભવું છું.

ડીસાના બિઝનેસ વર્લ્ડ શોપિંગ નજીકથી વધુ એક બાઈકની ઉઠાંતરી

ડીસાના જલારામ મંદિરની સામે આવેલ બિઝનેસ વર્લ્ડ શોપિંગ સેન્ટર આગળ પાર્ક કરેલ બજાજ પલસર બાઈકની ચોરી થતા બાઈક માલિકે ઉતર પોલીસ મથકે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં એક પછી એક બાઈકની ઉઠાંતરીની ઘટનાઓ સામે આવી રહી છે.રોજબરોજ બાઈકની ઉઠાંતરીની ઘટના બનતા પોલીસની કામગીરી સામે પણ અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે ત્યારે છેલ્લા એક અઠવાડિયામાં ડીસામાંથી છ થી વધુ બાઈકની ચોરી પોલિસ ચોપડે નોંધાઈ છે. ત્યારે ડીસાના બિઝનેસ વર્લ્ડ શોપિંગ આગળથી વધુ એક પલસર બાઈકની ચોરી થવા પામી છે.

ઢોલ ના તાલે નાચી રહેલા વરરાજાનું અચાનક મૃત્યુ

સુરતમાં લગ્નની ખુશી માતમમાં ફેરવાઈ : નાચતી વખતે વરરાજાને છાતી દુખાવો ઉપડ્યો હતો જે બાદ તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા

સુરત, તા.૨૭

સુરતમાં અરેઠ ગામે એક લગ્નનો પ્રંસગ માતમમાં ફેરવાઈ ગયો છે. વરરાજાનું જ મોત થઈ જતા પરિવારમાં ખુશીનો માહોલ દૂખમાં પરીણય ગયો છે. લગ્નની આગળની રાત્રે મિત્રો સાથે વરરાજા ખુશીથી ઝૂમી રહ્યો હતો. અચાનક જ તે ઢળી પળી છે અને જે બાદ તેણે સરદાર સ્મારક હોસ્પિટલમાં લઈ જવામાં આવે છે. જ્યાં હાજર ડૉક્ટર વરરાજાને મૃત જાહેર કરે છે. જો સમગ્ર ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ સુરતના અરેઠ ગામે લગ્ન પ્રંસગ લેવાયો હતો. સવારેથી લઈ સાંજ સુધી અનેક વિધીઓ થઈ હતી. યુવાન વયના વરરાજાને પણ કોઈ તકલીફ ન હતી.

રાતના સુમારે પીઠી ચોળવાનો કાર્યક્રમ હતો જે બાદ ડીજેના તાલે નાચ ગાનનો પણ પ્રોગ્રામ હતો. વરરાજાના મિત્રોએ ડાન્સ કરવા તેણે ખભે બેસાડયો હતો અને આસપાસમાં નાના ભૂલકાઓથી માંડી યુવાન વયના લોકો ડીજેના ગીતો પર ઝૂમી રહ્યા હતા. લગ્ન પ્રસંગમાં નાચતી વખતે છાતીમાં દુખાવો થયો હતો. અને અચાનક જ મિત્રના ખભા પર બેઠેલો વરરાજા ઢળી પડતાં પરિવારજનો હેબતાઈ ગયા હતા.

સૂત્ર દ્વારા મળતી માહિતી મુજબ હાર્ટએટેકને કારણે મૃત્યુ નીપજ્યું હોવાનું અનુમાન છે. પરિવાર સહિત ગ્રામજનો આ ઘટનાથી ખૂબ વ્યથિત થઈ ગયા છે અને ચોધાર આસુંએ રડી રહ્યા છે.

જિગ્નેશ-રેશમાને મંજૂરી વીના રેલી કાઢવાના કેસમાં ત્રણ માસની કેદ

૨૦૧૭માં મંજૂરી વગર રેલી કાઢવામાં આવી હતી

મહેસાણા, તા.૫

આંદોલનકારી તરીકે જાહેર જીવનમાં આવી હાલ રાજકારણી બની ગયેલા રેશ્મા પટેલ તેમજ જિગ્નેશ મેવાણીને મહેસાણામાં ૧૨ જુલાઈ ૨૦૧૭માં પરવાનગી વિના રેલી કાઢવાના ગુનામાં સ્થાનિક કોર્ટે ત્રણ મહિનાની કેદની સજા ફટકારી છે. આ મામલે કુલ ૧૭ લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી જ્યારે ૧૨ લોકો સામે ચાર્જશીટ કરવામાં આવી હતી. જેમાં કોર્ટે તમામ લોકોને કસૂરવાર ઠેરવીને સજાનું એલાન કર્યું છે. ૨૦૧૭માં સોમનાથ ચોકથી રેશ્મા પટેલ, જિગ્નેશ મેવાણી ઉપરાંત કન્હૈયા કુમારે રેલી કાઢી હતી, પરંતુ તેના માટે પોલીસે કોઈ મંજૂરી નહોતી આપી. જેથી તમામ લોકો સામે જાહેરનામા ભંગની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ટ્રાયલ દરમિયાન એક આરોપીનું અવસાન થયું હતું.

ઉનાકાંડની પહેલી વરસી પર મહેસાણામાં આઝાદી કૂચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રેશ્મા પટેલ, જિગ્નેશ મેવાણી તેમજ કન્હૈયા કુમાર સહિત ૧૨૦ જેટલા લોકો જોડાયા હતા. પોલીસે તમામ લોકોની અટકાયત કરી હતી અને તેમને પાંચ કલાક કસ્ટડીમાં રાખીને છોડી દેવાયા હતા. ત્યારબાદ આઈપીસીની કલમ ૧૪૩ હેઠળ મહેસાણા સિટીના એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ૧૫ લોકો વિરુદ્ધ ગેરકાયદે રીતે ભેગા થવા બાબતે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

રેલી કાઢવામાં આવી તે દિવસે ઉત્તર ગુજરાતના વિવિધ ભાગોમાંથી મોટી સંખ્યામાં દલિતો સોમનાથ ચોક પર રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના બેનર હેઠળ એકઠા થાય હતા. રેલીને મેવાણી, કન્હૈયા કુમાર અને રેશમા પટેલે સંબોધન કર્યું હતું.

ભારે મથામણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અહેવાલો વહેતા મુકાયા છે. કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલ પણ કેટલાક સમર્થકો સાથે ભાજપમાં જોડાવવા તત્પર બન્યા છે જો કે હાર્દિકના ભાજપ પ્રવેશ અંગે એકમતિ નથી એ પણ સાચી વાત છે. ભાજપમાં ચાલતા ભરતીમેળાથી પક્ષના મૂળભૂત કાર્યકરો ખૂબ જ નારાજ બની રહ્યા છે અને હવે તો તેમના અસ્તિત્વ સામે પણ પ્રશ્નો ઉભા થયા છે. કેટલાય શહેરો અને જિલ્લાઓમાં મૂળ ભાજપના કાર્યકરો કરતા આયાતી કાર્યકરોની સંખ્યા વધતા નિષ્ઠાવાન કાર્યકરો હાંસિયામાં ધકેલાયા છે અને એનો ચણભણાટ સપાટી પર ન આવે તેની પણ કાળજી લેવા હાઈ કમાન્ડે તાકીદ કરી છે. ભાજપનો કાર્યકર નારાજ થઈ શકે, નિષ્ક્રિય બની શકશે પરંતુ છાપરાકૂદ કરે એ વાત એટલી જ નિશ્ચિત છે અને એટલે જ નારાજગી કે નિષ્ક્રિયતા રાજકીય માહોલને અસર ન કરે તે માટે જ સંઘ અને ભાજપના પદાધિકારીઓને તૈયાર કરવા રાષ્ટ્રીય મોવડીઓ સર્વ જે.પી. નડ્ડા, ભૂપેન્દ્ર યાદવ અને બી.એલ. સંતોષ વારંવાર ગુજરાત આવે છે.

જમીન સંપાદન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવેલ કોઈ બાંધકામ, બોર, પાઈપલાઈન વિગેરેની કિંમત માટે સ્ટ્રકચર ઈજનેરનો અભિપ્રાય પણ એવોર્ડ આખરી કરતાં ધ્યાને લેવામાં આવશે. એવોર્ડ માટે ૩ વર્ષના વેચાણના ઉતારા પણ જમીનની કિંમત નિયત કરવા માટેની કમિટી ધ્યાને લેનાર છે.

જો કે ખેડૂતોના મતે તેમને હાલના જમીનના ભાવ પ્રમાણે ૪૦ ટકા જેટલુ પણ વળતર મળતુ નથી. બીજુ આજીવિકા માટેના વિકલ્પો પણ નવેસરથી વિચારવાના થાય.

સુધારી દેવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જો કે, પહેલાં રાબેતા મુજબ વિદ્યાર્થીઓના પરિણામ જાહેર થશે. ત્યારબાદ માર્કશીટ આપવામા આવશે. માર્કશીટ આપ્યા બાદ વિદ્યાર્થીના નામ, અટક, બેઠક નંબર વગેરેમાં કોઈ ભૂલ થઈ ગઈ હશે તો વિદ્યાર્થીએ સુધારા માટે સ્કૂલને લેખિતમાં જાણ કરવાની રહેશે. એ પછી સ્કૂલ દ્વારા પરિણામ જાહેર થયાના ૯૦ દિવસની અંદર ભુલ સુધારવા માટે માર્કશીટ જોડીને શિક્ષણ બોર્ડને અરજી કરવાની રહેશે. જેના ગણતરીના જ સમયમાં કે પછી એ જ દિવસે માર્કશીટમાં સુધારો કરીને પરત આપી દેવામાં આવશે એવું પણ સૂત્રોએ જણાવ્યું છે.

ફાંસીની સજા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ કેસમાં બનાવ સમયનો વિડીયો અને મોટી સંખ્યામાં હાજર લોકો મહત્વનો પુરાવો સાબિત થયા હતા. કોર્ટ દ્વારા વિડીયોની ખરાઈ પણ કરાવવામાં આવી હતી.

ઘટનાનો વિડીયો પુરાવા, બનાવને નજરે જોનારા સાક્ષી સહિતના પુરાવા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન ગ્રીષ્માની મિત્ર સહિત ફેનિલે જે લોકોને આ ઘટના અંગે જણાવ્યું હતું તેમની પણ વાત કોર્ટે સાંભળી હતી અને તેના આધારે આજે મહત્વનો ચુકાદો આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આરોપી ફેનિલ ૧૨ ફેબ્રુઆરીએ ગ્રીષ્માના ઘરની સોસાયટી પાસે ચપ્પુ લઈને પહોંચી ગયો હતો અહીં તેણે ગ્રીષ્માને પકડી લઈને તેની કરપીણ હત્યા કરી હતી અને ગ્રીષ્માને બચાવવા માટે વચ્ચે પડેલા તેના કાકા અને ભાઈ પર પણ ફેનિલે જીવલેણ હુમલો કર્યો હતો.

મદદ કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સર્વસંમતિના સિદ્ધાંતને અનુસરતા હોવાથી ચીનના વિરોધને કારણે ભારત માટે જૂથમાં જોડાવું મુશ્કેલ બન્યું છે.ફ્રાન્સે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (યુએનએસસી)માં સુધારા અને તેમાં ભારતની કાયમી સભ્યપદના પ્રયાસોને સમર્થન આપ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન વચ્ચેની બેઠક બાદ જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં આ માહિતી આપવામાં આવી છે.

ભારત લાંબા સમયથી સુરક્ષા પરિષદમાં સુધારાની માંગ કરી રહ્યું છે અને કહે છે કે,તે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના કાયમી સભ્ય બનવાને લાયક છે. સુરક્ષા પરિષદમાં ૫ હકદાર છે. વિશ્વ સંસ્થામાં દસ અસ્થાયી સભ્યો છે, જેઓ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા બે વર્ષની મુદત માટે ચૂંટાય છે.

રશિયા, ચીન, બ્રિટન, ફ્રાન્સ અને અમેરિકા તેના કાયમી સભ્યો છે. ફક્ત આ સ્થાયી દેશો પાસે વીટોની શક્તિછે, જે કોઈપણ નિર્ણયન થવા દેવા અથવા ન થવા દેવાની શક્તિ રાખે છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને દ્વિપક્ષીય અને વૈશ્વિક મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી અને બંને નેતાઓ ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારીના આગામી તબક્કા માટે મહત્વાકાંક્ષી એજન્ડા તૈયાર કરવા સંમત થયા હતા. વડા પ્રધાન મોદી તેમના ત્રણ દેશોના યુરોપ પ્રવાસના છેલ્લા તબક્કામાં ડેનમાર્કથી બુધવારે પેરિસ પહોંચ્યા હતા અને મેક્રોન સાથે વિવિધ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક વાતચીત કરી હતી. મેક્રોન એક અઠવાડિયા પહેલા આ પદ માટે ફરીથી ચૂંટાયા હતા.

જાહેર નિવિદા-૩ સને-૨૦૨૨-૨૩

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સચિવાલય સંકુલ, વિદ્યુત પેટા વિભાગ નં.-૨, વિજ સબસ્ટેશન, વિધાનસભા, નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦ (ટે.નં.૨૩૨ ૫૯૪૬૯/૭૦) દ્વારા વિજળીકરણ લગતા કામ નં.૧ અને ૭ જેની અંદાજિત કિંમત રૂ. ૭૩૪૨૭.૦૦ થી રૂ. ૯૯,૯૯૦.૦૦ છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નો